# જિલ્લાના ૬૬ શિક્ષકોને પ્રતિભાવંત શિક્ષિકો તરીકે ઘોષિત કરાયા

## ૨૬ મીએ પરેડ બાદ આ શિક્ષકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના પાંચ અને જિલ્લાના ૬૧ પ્રાથમિક શાળાના મળી કુલ ૬૬ શિક્ષકોને પ્રતિભાવંત શિક્ષકો તરીકે સરકાર દ્વારા ઘોષિત કરવામાં આવ્યા છે. આ શિક્ષકોને ૨૬ મી જાન્યુઆરીના રોજ પરેડના અંતે સંબંધિત પદાધિકારીઓ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પ્રથમવાર આ પ્રતિભાવંત શિક્ષકો ઘોષિત કરવાની પરંપરાનો આરંભ થઈ રહ્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે સચિવ વિનોદ રાવ દ્વારા આ અભિગમને બહાલી આપી દેવામાં આવી છે. આ શિક્ષકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ માટે ૧૦૦ ગુણાંકમાંથી મૂલ્યાંકન કરી અને પ્રતિભાવંત શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૮૦ ટકા ભારાંક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના ઉપલબ્ધ ડેટાના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે જ્યારે ૨૦ ટકા ભારાંક માટે શિક્ષક દ્વારા શૈક્ષણિક અને ઈતર પ્રવૃતિઓ જે કરવામાં આવી છે તેને આધારે મૂલ્યાંકનને લઈ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓ પાંચ કલસ્ટરમાં વહેંચાયેલી છે જ્યારે જિલ્લાની શાળાઓ ૬૧ કલસ્ટરમાં વહેંચાયેલી છે. દરેક કલસ્ટરમાંથી એક શિક્ષકની પસંદગી આ પ્રતિભાવંત શિક્ષક તરીકે કરવામાં આવી છે.

આ માટે મૂલ્યાંકન સમિતિ પણ રચવામાં આવી હતી. હવે આ શિક્ષકોને ૨૬ મી જાન્યુઆરીના રોજ ધ્વજવંદન સમારોહ અને પરેડની સલામી બાદ મેયર અને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

### શહેરના પ્રતિભાવંત શિક્ષકો

| | |
|---|---|
| હીનાબેન હરેશભાઈ પટેલ | સેક્ટર-૨૮/૧ |
| રંજનબેન કે. પટેલ | સેક્ટર-૨૪/૧ |
| કુમુદગૌરી યોગેશભાઈ ત્રિવેદી | સેક્ટર-૨૦/૧ |
| દેવિકાબેન એફ. ગઢવી | સે. ૧૫ ફતેપુરા |
| રાકેશભાઈ કે. પટેલ | ઈન્દ્રોડા-૧ |

# શહેરની ૧૦૦ બાળાઓ પ્રજાસત્તાક પરેડમાં





## ચૌધરી કન્યા વિદ્યાલયની ૭૦ બાળાઓ, બોરીજ પ્રાથમિક શાળાની ૧૯ અને સે.૮ પ્રાથમિક શાળાની ૧૧ બાળાઓ સાંસ્કૃતિક પરેડમાં ગરબા રજૂ કરશે

ગાંધીનગર, તા. ૬

૨૬મી જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ દિલ્હીના લાલ કિલ્લા મેદાન ખાતે યોજાનાર પ્રજાસત્તાક દિન પરેડ ગાંધીનગર માટે ખાસ હશે.

આ પરેડમાં ૧ નહિ પણ ૧૦૦ બાળાઓ ગાંધીનગર શહેરની ત્રણ શાળાની ગુજરાતની આગવી ઓળખ ગણાતા ગરબાની પ્રસ્તુતિ કરશે. આ માટે આ બાળાઓ નવી દિલ્હી પણ પહોંચી ગઈ છે અને આની ખાસ પ્રેક્ટીસ જોરશોર અને જુસ્સાસભર રજુઆત માટે કરી રહી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭ માં આવેલ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ૭૦ બાળાઓ, સરકારી પ્રા. શાળા બોરીજની ૧૯ બાળાઓ તેમજ સેક્ટર-૮ની સરકારી પ્રા. શાળાની ૧૧ બાળાઓ આ સાંસ્કૃતિક પરેડમાં ભાગ લઈ ગુજરાતના ગરબાની પ્રસ્તુતિ કરશે. આ માટે ખાસ કોરિયોગ્રાફરની નિયુક્તી પણ કરવામાં આવી છે. જે તેમને સવાર-સાંજ પ્રેક્ટીસ કરાવે છે.

ગાંધીનગર શહેરની ૧૦૦ બાળાઓ એક સાથે પ્રજાસત્તાક દિનની પરેડમાં ગુજરાતનો ગરબો રજુ કરી અને શહેરને ગૌરવ અપાવશે. પ્રજાસત્તાક દિનની પરેડમાં આટલી મોટી સંખ્યામાં બાળાઓ અને તે પણ ગાંધીનગરની પ્રા. શાળાની બાળાઓએ શહેરને ગૌરવાન્વિત કર્યુ છે અને પહેલીવાર આ થઈ રહ્યું છે જે ગાંધીનગર માટે ખાસ બનશે. મળતી વિગતો પ્રમાણે ૨૪ મીએ થનાર ગ્રાન્ડ રિહર્સલ જોવા માટે જે.એમ. ચૌધરીના આચાર્યા અને એક શિક્ષણ વિભાગના અધિકારી ખાસ દિલ્હી હાજરી આપવા જનાર છે અને ૨૬મી સુધી રોકાશે.

બોરીજ અને સે. ૮ની પ્રા. શાળાની ૩૦ બાળાઓની પસંદગીથી ગ્રામીણ વિસ્તારના વાલીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વિકાસ કમિશનરના વિવાદાસ્પદ પરિપત્રથી તંત્રમાં ખળભળાટ

## જિલ્લા પંચાયતના વર્ગ-૧, ૨ના અધિકારીઓને કારમાંથી એસી તાત્કાલિક દૂર કરવા પરિપત્ર

ગાંધીનગર, તા. ૬

રાજયના વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા જિલ્લા પંચાયતના વર્ગ-૧ અને ૨ માં સેવાઓ આપી રહેલ અધિકારીઓ કે જે હાલ સરકારી કચેરી અને ગાડીમાં એ.સી. રાખે છે તેને તાત્કાલિક દૂર કરવા અને ખર્ચની વસુલી કરતો પરિપત્ર કરતાં તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વિકાસ કમિશ્નરના આ વિવાદાસ્પદ પરિપત્રમાં જણાવાયુ છે કે સરકારના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને નિયત પ્રમાણે ન મળતી સુવિધાઓ કચેરીઓમાં કરાવે છે. જેમાં વિવાદ ટાળવા પોતાના ખર્ચે પણ કયાંક આ સુવિધા ઉભી કરવામાં આવે છે પરંતુ આનો ખર્ચ પેટ્રોલ-ડીઝલ અને ઈલેક્ટ્રીક બિલોમાં સરકાર પર આવે છે.

અધિકારીઓને જે સગવડો મળવાપાત્ર ના હાય તે સગવડો તેઓ ભોગવી શકે નહિ તેથી તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને આ પરિપત્ર કરી ૩૧ જાન્યુઆરી સુધીમાં પ્રમાણિત કરી રિપોર્ટ આપવા માટે તાકીદ કરવામાં આવી છે.

એટલી જ નહિ એવી પણ સૂચના આપવામાં આવી છે કે આવી સગવડો પાછળ થયેલ વધારાના વીજબિલ અને પેટ્રોલ-ડીઝલના ખર્ચનો અંદાજ કાઢી તેમણે તે સગવડો જેટલા સમય માટે ભોગવેલ હોય તેટલા સમય માટે તેમની પાસેથી વસુલાત કરવામાં આવે.

રાજયના વિકાસ કમિશ્નરના આ વિવાદિત પરિપત્ર પછી પંચાયત તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# ગાંધીનગર સિવિલમાં વર્ષ દરમ્યાન ૨૧૩ બાળકોનાં મૃત્યુ

## સિવિલના નીઓનેટલ આઈસીયુમાં બાળકોના મૃત્યુ વિવિધ કારણોસર : ત્રણ વર્ષમાં ૬૦૫ બાળકોના મૃત્યુ

ગાંધીનગર, તા. ૬

સરકારી હોસ્પિટલોમાં બાળકોના મૃત્યુના આંકડાઓ આજકાલ ચોંકાવી રહ્યા છે. યુ.પી.,એમ.પી. અને રાજસ્થાન બાદ બાળકોના મૃત્યુના કિસ્સાઓ ગુજરાતને સમાચારોમાં ચમકાવી રહ્યા છે. આ સમાચારો વચ્ચે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં બાળકોના મૃત્યુના આંકડા સામે આવ્યા છે. ૨૦૧૯ના વર્ષ દરમ્યાન ગાંધીનગર સિવિલમાં ૨૧૩ બાળકોના મૃત્યુ નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે.

નવજાત બાળકો માટે ગુજરાત સહિત બધા જ રાજ્યોમાં જુદી જુદી યોજનાઓ ચાલી રહી છે. બાળકોને પોષણ મળે તે માટે સગર્ભાવસ્થાથી જ મહિલાઓની કાળજી લેવામાં આવે છે. સગર્ભા માતાઓ અને તેમના ગર્ભમાં ઉછરી રહેલા બાળકને પોષણ મળે તેવો પોષણક્ષમ આહાર આપવા માટેની યોજના અમલી છે. આરોગ્ય વિષયક કાર્યક્રમોમાં માતા-બાળકની સારસંભાળ અંગેની યોજનાઓનો પ્રચાર ગાઈ વગાડીને કરવામાં આવે છે. આ યોજનાઓ પાછળ દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવે છે તેના આંકડાઓ પણ અવારનવાર પ્રસિદ્ધ થતાં રહે છે. જો કે આ યોજનાઓનો લાભ ખરેખર લાભાર્થીઓ સુધી પહોંચે છે કે કેમ તેવો સવાલ સ્વાભાવિક રીતે ઉભો થાય છે. હોસ્પિટલોને સાધન સંપન્ન કરાવા પણ કરોડોનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ આ ખર્ચ જાણે એળે જાય છે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં બાળકોના થઈ રહેલા મૃત્યુ જનની સુરક્ષાની યોજનાઓ અને કરોડોના ખર્ચે અપાતી માળખાકીય સુવિધાઓની હાંસી ઉડાવે છે. આપણે લાખો-કરોડોના ખર્ચે સાધનો વસાવી લઈએ છીએ પરંતુ કાબેલ મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની નિમણુંક કરવામાં ઉણા ઉતરીએ છીએ. અમદાવાદ અને રાજકોટની સિવિલ હોસ્પિટલોમાં થઈ રહેલા બાળકોના મૃત્યુના આંકડાઓ ચોંકાવનારા છે તો રાજયના પાટનગરની સિવિલ હોસ્પિટલની સ્થિતિ પણ કંઈ બહુ સારી નથી. આ હોસ્પિટલ અમદાવાદ-રાજકોટની સિવિલ હોસ્પિટલો કરતાં નાની છે પરંતુ અહીં પણ દર વર્ષે સરેરાશ ૨૦૧ જેટલા બાળકોના મૃત્યુ થાય છે. બાળકોના આઈસીયુ વિભાગમાં વર્ષ-૨૦૧૯ દરમ્યાન દાખલ થયેલા બાળ દર્દીઓ પૈકી ૨૧૩ બાળકોના મૃત્યુ થયા છે. આરોગ્ય વિભાગના વિશ્વસનીય સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦૫ બાળકોના મૃત્યુ થયા છે. અન્ય સિવિલ હોસ્પિટલો કરતાં અહીં થતા મૃત્યુના આંકડાઓ પ્રમાણમાં ઓછા છે કારણ કે ગંભીર પરિસ્થિતિમાં હોય તેવા બાળકોને અહીં સારવાર આપવાના બદલે તાબડતોડ અમદાવાદ સિવિલ કે અન્ય હોસ્પિટલોમાં મોકલી અપાય છે.

# જિલ્લાની ૩૦૦ શાળાઓમાં તંત્ર દ્વારા રજીસ્ટ્રેશન સહિતની તપાસ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ૩૫૦ થી વધુ ખાનગી શાળાઓમાં શાળા રજીસ્ટ્રેશન સહિતની ૨૦ થી વધુ બાબતોની ચકાસણી કરી અને તેનો વિસ્તૃત અહેવાલ સરકારને આપવાના આદેશો જારી થતાં તંત્ર તેની કામગીરીમાં વ્યસ્ત બન્યુ છે. આર. ટી. ઈ. ૨૦૦૯ અને ૨૦૧૨ના સુધારા પછી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે કે કેમ ? શાળામાં બાળકોની વર્ગવાર સંખ્યા, શાળા પાસે મેદાન છે કે કેમ ? શાળા જો કોઈ ટ્રસ્ટ દ્વારા ચાલતી હોય તો તે ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ટ્રસ્ટ રજીસ્ટ્રેશન થયુ છે કે કેમ ? તે સહિત ૨૦ થી વધુ બાબતોની ચકાસણી કરવાની તંત્રને થાય છે. ૧૫ જાન્યુઆરી સુધીમાં આ અંગેનો વિગતવાર અહેવાલ સરકારમાં રજુ કરવાનો રહેશે. તાજેતરમાં ડી.પી.એસ. સ્કૂલની મંજૂરીના વિવાદને પગલે બહાર આવેલી વિગતો પછી તંત્ર હરકતમાં આવ્યુ છે. જિલ્લા કચેરીઓને આ અંગેના આદેશો જારી કરી દેવાયા પછી તંત્રએ પણ આ કામગીરી મિશન મોડ પર હાથ ધરી છે અને જુદી જુદી ટીમો મોકલી આ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં ૩૫૦ થી વધુ ખાનગી શાળાઓ આવેલી છે. એફ. આર. સી.ના અમલની વિગતો પણ આ અહેવાલમાં આપવાની હોવાનું જાણવા મળેલ છે.

# ટ્રાફિક ડાયવર્ઝનના લીધે પથિકાશ્રમથી ઘ-૫ સુધી એસ ટી બસો દોડશે નહીં

ગાંધીનગર તા ૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં અન્ડરપાસ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અન્ડરપાસની કાર્યયોજનાને અનુલક્ષી હાલ શહેર વચાળે જ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. સે-૧૬ તરફ જવાના માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. જયારે આગામી દિવસોમાં આ કામગીરીને અનુલક્ષી ઘ માર્ગ પર એસ ટી બસનો વ્યવહાર પણ ખોરવાશે. ઘ-૩ થી ઘ-૫ સુધીના રૂટમાં એસ ટી ની બસો દોડાવાશે નહીં જયારે પથિકાશ્રમથી ચ માર્ગ પર એસ ટી બસો ડાયવર્ટ કરાશે.

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં વર્ષોના અંતે અન્ડર પાસ બનાવાની કાર્યયોજનાનુ કામ પુરજોશમા ચાલી રહ્યુ છે. શહેરની આગવી ઓળખ સમા ઘ-૪ સર્કલને દુર કરીને હાલ આ ઠેકાણે ખોદકામ હાથ ધરાયુ છે. આ વિસ્તારમાં જરૂરી લાઈન બદલવા માટે પણ કામગીરી ચાલી રહી છે. જયારે આ વિસ્તારમાં ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. અન્ડરપાસની કામગીરીના લીધે ઘ-૪ વિસ્તારમાં ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. સર્કલ વિસ્તારમાં ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે સર્કલ દુર કરવાની સાથે શહેરના હાર્દસમા વિસ્તારનો નઝારો પણ બદલાયો છે. અન્ડર પાસની કામગીરીને આગળ ધપાવવા માટે આયોજન કરાયુ છે. જેને અનુલક્ષીને નગરના ઘ માર્ગ પરથી પસાર થતી એસ ટી બસો હવે ચ માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવશે. અન્ડર પાસની કામગીરીને અનુલક્ષીને પથિકાશ્રમથી બસ વ્યવહાર ચ માર્ગ પર દોડશે. એસ ટી બસ પથિકાક્ષમથી ચ માર્ગ પર ચ-૩ થી ચ-૫ થઈને ઘ-૫ તરફ આગળ વધશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ઘ માર્ગ પર પથિકાશ્રમથી ઘ-૫ સુધી એસ ટી બસો દોડશે નહીં જેથી નગરના ચ માર્ગનો પણ ટ્રાફિક સિનારીયો બદલાશે. હાલ ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર વિશેષ જોવા મળે છે. બીજીતરફ ડાયવર્ઝનના લીધે નગરના હાર્દસમા વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર જોખમી બની છે. સર્કલ વિસ્તારથી આગળ વધતા ડાબી બાજુએ સે-૧૬ તરફ જવાના ડાયવર્ઝન માર્ગ પર વાહનો જતા નજરે પડે છે જયારે બીજીતરફ ઘ માર્ગ પર સીધા આગળ વધતા વાહનો પણ પસાર થતા હોવાથી ગમે ત્યારે અકસ્માત થવાનો પણ ભય છે.

# શહેરનાં પાંચ સેકટરોમાં નવાં સાઈન બોર્ડસ લગાવાનું શરૂ

## સેકટરોના આંતરિક માર્ગો પર જુના કટાયેલા અને તુટેલા બાર્ડસ દુર કરી નવા લગાવાશે : ૧.૫૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં સાઈન બોર્ડસ નવા મુકવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૨,૧૨,૨૪ અને સે-૨૧ માં નવા સાઈન બોર્ડસ મુકવામાં આવી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં જુના કટાયેલા અને તુટેલા બોર્ડસ દુર કરી નવા સાઈન બાર્ડસ મુકવામાં આવી રહ્યા છે. નવા સાઈન બોર્ડસ લગાવવા પાછળ અંદાજિત રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં સાઈન બોર્ડ મુકવા માટે કામ હાથ ધરાયુ છે. સ્માર્ટ સીટીને અનુરૂપ સ્માર્ટ સાઈન બોર્ડ મુકવા માટે કોર્પોરેશને કામગીરી શરૂ કરી છે. નગરના મુખ્ય અને આંતરિક માર્ગો પર અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા સાઈન બોર્ડ મુકવામાં આવ્યા હતા જયારે મુખ્યમાર્ગો પર વાઈબ્રન્ટ વેળાએ પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી પણ મુકવામાં આવી હતી. આ ઉપરાંત નગરના માર્ગો તેમજ સર્કલો અને વિવિધ સ્થળોના નામોનો ઉલ્લેખ કરતા સાઈન બોર્ડસ પણ લગાવાયા છે. જયારે સેકટરોમાં પણ અગાઉ આંતરિક વિસ્તારમાં પ્લોટ નં સહીતનો સિનારીયો દર્શાવતા સાઈન બોર્ડસ મુકાયા હતા. પરંતુ હાલ આ પૈકી ઘણાંખરા તુટેલી હાલતમાં પણ છે. જયારે સેકટરોને સ્માર્ટ લુક આપવા માટે પણ નવા સાઈન બોર્ડ મુકવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં પ્લોટ નંબર સહીતની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શહેરના સે-૧,૬, સે-૧૨ અને સે-૨૪ અને સે-૨૧માં નવા સાઈન બોર્ડસ લગાવાનુ કામ ચાલુ કરી દેવાયુ છે. જયારે આ સેકટરોમાં નવા સાઈન બોર્ડસ લગાવાની સાથે જુના અને તુટેલા સાઈન બાર્ડસ પણ દુર કરવામાં આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુના સાઈન બાર્ડસ પણ કટાયેલી અને કંગાળ હાલતમાં હતા માર્ગ મકાન વિભાગે પણ આ મામલે આ પ્રકારના બાર્ડસ દુર કરી દેવા માટે કામ હાથ ધરાયુ છે.

# ત્રણ સનદી અધિકારીઓ બદલાયા

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ત્રણ જેટલા સનદી અધિકારીઓની બદલીના હુકમો આજે જારી કર્યા છે. રાજ્યના અધિક સી.ઈ.ઓ. તરીકે ફરજો બજાવતા એસ.એમ. પટેલની મહેસુલ વિભાગમાં મહેસુલી તપાસણી કમિશ્નર ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે તેમની જગ્યાએ અધિક વિકાસ કમિશ્નર તરીકે ફરજો બજાવતા આર.કે. પટેલની નિયુક્તી કરવામાં આવી છે. અધિક વિકાસ કમિશ્નર તરીકેનો વધારાનો હવાલો અધિક વિકાસ કમિશ્નર ડી.એ. શાહને સોંપવાના હુકમો કરવામાં આવ્યા છે.

## બેસણું



મારા પતિશ્રી **પ્રવિણચંદ્ર દલસુખભાઈ શાહ (પાટડીવાળા)** **(નિ. નાયબ સચિવ)** તા.૦૬-૦૧-૨૦૨૦ને સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૦૭-૦૧-૨૦૨૦ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૧:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : નવનીત વિવિધ લક્ષી ભવન, કોમલ એન્કલવ પાસે, પી.ટી. કોલેજ રોડ, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ**

લિ. સરોજબેન પ્રવિણચંદ્ર શાહ

| | |
|---|---|
| જીતુભાઈ દલસુખભાઈ શાહ | દીપકભાઈ છનાલાલ શાહ |
| મીલીન્દકુમાર જગદીશભાઈ વ્યાસ | અમીતા મીલીન્દ વ્યાસ |
| ગૌરાંગકુમાર રમેશભાઈ છત્રીવાલા | રોહિણી ગૌરાંગભાઈ છત્રીવાલા |
| આનંદકુમાર દેવેન્દ્રભાઈ શાહ | પ્રેરણા આનંદકુમાર શાહ |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
સ્વ. મનુભાઈ બાલચંદભાઈ વોરા (માંડલવાળા)

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com